# અગ્રતા–૧

## પ્રસ્તાવના:

**માન. અધ્યક્ષશ્રી,**

પશુપાલન વ્યવસાયએ ભારતની અર્થવ્યવસ્થામાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. રાજયમાં વરસાદની અનિશ્ચિતતા અને દુષ્કાળ જેવી પરિસ્થિતીમાં નાના ગરીબ ખેડૂતોને ખેતીના વ્યવસાયમાં નુકસાની થવાનું જોખમ રહે છે. તેવી પરિસ્થિતીમાં, ખેતીના વ્યવસાય સાથે પશુપાલન વ્યવસાય નાના ખેડૂતો માટે ફાયદાકારક રહે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

આ પશુપાલન વ્યવસાયમાં પણ, બકરાં પાલન વ્યવસાય નાના ખેડૂતો તથા જમીન વિહોણા ગરીબ માટે આવકનો એકમાત્ર સ્ત્રોત બની રહે છે કારણકે ગુજરાત રાજ્યમાં વિષમ હવામાન – આબોહવાવાળા વિસ્તારો કે જ્યાં અન્ય વર્ગના પાલતું પશુ જેવા કે ગાય અને ભેંસ સહેલાઇથી પાળી શકાતાં નથી તેવા વિસ્તારોમાં બકરાં પાલનનો વ્યવસાય સરળતાથી થઇ શકે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

મુખ્યત્વે સમાજના આર્થિક રીતે નબળા વર્ગના લોકો બકરાં પાલનના વ્યવસાયથી પૂરક રોજગારી મેળવી ગુજરાન ચલાવે શકે છે આવા વર્ગના લોકો સામાન્ય રીતે બે થી પાંચ બકરી રાખી આવક મેળવતા હોય છે. પાલતુ પશુ ( ગાય – ભેંસ) ની સરખામણીમાં બકરાંના રહેઠાણ માટે ખાસ વધારે પ્રમાણમાં બાંધકામનો ખર્ચ પણ કરવો પડતો નથી વળી ગાય – ભેંસ વર્ગના પશુઓમાં નર અને માદા પૈકી ફક્ત માદાનું આર્થિક મહત્વ ધરાવે છે જયારે બકરાં પાલન વ્યવસાયમાં નર અને માદા બન્નેનું આર્થિક મહત્વ હોય છે એટલેજ બકરીને અંગ્રેજીમાં GOAT એટલે કે Greatest of All Time પણ માનવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

વધુમાં બકરાંમાં ખોરાકનું દૂધ અને માંસમાં રૂપાંતર કરવાની ક્ષમતા અન્ય વર્ગના પશુઓ કરતાં વધારે છે. આમ, અન્ય વર્ગના પશુઓની સરખામણીમાં બકરાંપાલનનો વ્યવસાય આર્થિક રીતે ગરીબ વર્ગના લોકો માટે પોસાય તેવો હોઇ તેને “ ગરીબની ગાય ” (Poor Man’s Cow) પણ કહેવામાં આવે છે. બકરીનું દૂધ પચવામાં હલકું હોય છે તથા

બકરીના દૂધથી પાચન શક્તિ વધે છે અને ભૂખ પણ વધારે  લાગે છે. જેથી યુરોપીય દેશોમાં બકરીને “ આયા ” (Wet Nurse) કહેવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

અન્ય વર્ગના પશુઓની સરખામણીમાં બકરીને દિવસ દરમ્યાન ગમે ત્યારે દોહી શકાય છે આથી ગરીબ બકરાં પાલકો માટે બકરી ATM ( Any Time Milking ) નું કામ કરે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

ગુજરાત રાજયમાં ૭૦% થી વધારે સંખ્યામાં ઘેટાં-બકરાં નાના, સીમાંત ખેડૂતો અને ખેતમજુરો દ્ધારા પાળવામાં આવે છે. રાજયમાં લગભગ ૪૮.૬૭ લાખ જેટલી બકરાંની વસ્તી છે.

**માન. અધ્યક્ષશ્રી,**

અમારી સરકાર દ્ધારા રાજયના આવા ગરીબ પશુપાલકોની આવકમાં વધારો થાય તેમજ આર્થિક રીતે સધ્ધર  થઈ પોતાનું ગુજરાત ચાલવી શકે તે માટે રાજ્યના આર્થિક રીતે નબળા વર્ગના લોકો, અનુ.જાતી વર્ગના લોકો તથા આદિજાતી મહિલાઓ લાભાર્થીઓ માટે બકરા એકમ સ્થાપના(૧૦+૧) સહાયની યોજના અમલીકૃત કરેલ છે. આ યોજના હેઠળ ૧૦+૧ના બકરા એકમની સ્થાપના માટે ખર્ચના ૫૦% મુજબ મહત્તમ રૂ.૪૫,૦૦૦/-ની સહાય પુરી પાડવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

આવા બકરાં પાલકોની ચિંતા આ રાજય સરકારતો સતત કરતી આવી છે પણ આપણા દેશના યશશ્વી વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પણ સમાજના આવા છેવાડાના અને વંચિત ગરીબ બકરાંપાલકોની સતત ચિંતા કરતા રહ્યા છે. તેથી જ આ ચિંતાને સાર્થક કરવા ભારત સરકારશ્રી દ્ધારા નેશનલ લાઇવસ્ટોક મીશન યોજના હેઠળ ઘેટાં અને બકરાંના ૧૦૦+૫, ૨૦૦+૧૦, ૩૦૦+૧૫, ૪૦૦+૨૦ અને ૫૦૦+૨૫ એકમની સ્થાપના માટે સહાયની યોજના અમલમાં મુકવામાં આવેલ છે આ હેઠળ ૧૦ લાખ થી ૫૦ લાખ સુધીની માતબર સહાય ઘેટાં અને બકરાં પાલન કરતા પશુપાલકોને આપવામાં આવે છે.

**અગ્રતા–૧**

**પ્રશ્ન–૧:** આ યોજના હેઠળ છેલ્લા એક વર્ષ દરમિયાન નર્મદા જિલ્લામાં તાલુકાવાર અનુસૂચિત જનજાતિના કેટલી મહિલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી?

**અને મારો બીજો પ્રશ્ન છે, કે**

એક બકરાં એકમ સ્થાપવા કેટલો ખર્ચ થાય છે ? અને તે પૈકી લાભાર્થીએ કેટલો ફાળો ભોગવવાનો રહે છે ?

**જવાબ:** **માન. અધ્યક્ષશ્રી** માન. સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો..

**પ્રસ્તાવના**

**માન. અધ્યક્ષશ્રી,**

આ પશુપાલન વ્યવસાયમાં પણ, બકરાં પાલન વ્યવસાય નાના ખેડૂતો તથા જમીન વિહોણા ગરીબ માટે આવકનો એકમાત્ર સ્ત્રોત બની રહે છે કારણ કે ગુજરાત રાજ્યમાં વિષમ હવામાન – આબોહવાવાળા વિસ્તારો કે જ્યાં અન્ય વર્ગના પાલતું પશુ જેવા કે ગાય અને ભેંસ સહેલાઈથી પાળી શકાતાં નથી તેવા વિસ્તારોમાં બકરાં પાલનનો વ્યવસાય સરળતાથી થઇ શકે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

રાજ્યના આર્થિક રીતે નબળા વર્ગના લોકો, અનુ.જાતી વર્ગના લોકો તથા આદિજાતી મહિલાઓ બકરાપાલન કરી પોતાનું ગુજરાન ચલાવી આર્થિક રીતે સધ્ધર થાય તેમજ શુધ્ધ સંવર્ધન થકી ઓલાદ સુધારણા થાય તે હેતુસર સરકારશ્રી દ્વારા લાભાર્થીઓ માટે બકરા એકમ સ્થાપના(૧૦+૧) સહાયની યોજના અમલીકૃત કરેલ છે.

**માન. સભ્યશ્રીના પ્રશ્ન એક નર્મદા** જિલ્લામાં તાલુકાવાર અનુસૂચિત જનજાતીની મહિલાઓને ચુકવેલ સહાયની વિગતો જણાવું તો..

| ક્રમ | તાલુકાનું નામ | લાભાર્થીની સંખ્યા | સહાયની રકમ રૂપિયામાં |
|---|---|---|---|
| ૧ | ગરૂડેશ્વર | ૧૬ | ૭ લાખ ૨૦ હજાર |
| ૨ | ડેડીયાપાડા | ૫૫ | ૨૪ લાખ ૭૫ હજાર |
| ૩ | તિલકવાડા | ૦૯ | ૪ લાખ ૫ હજાર |
| ૪ | નાંદોદ | ૪૨ | ૧૮ લાખ ૯૦ હજાર |
| ૫ | સાગબારા | ૧૮ | ૮ લાખ ૧૦ હજાર |
| **કુલ** | | **૧૪૦** | **રૂ. ૬૩ લાખ** |

**માન. અધ્યક્ષશ્રી**

**માન. સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં જણાવુ તો....**

| | |
|---|---|
| **બકરાં ખરીદીનો ખર્ચ** | |
| ૧૦ બકરીના રૂ. ૪,૦૦૦/- લેખે | રૂ. ૪૦,૦૦૦/- |
| એક નર બકરાની ખરીદી રૂ. ૫૦૦૦/- | રૂ. ૫,૦૦૦/- |
| **કુલ** | **રૂ. ૪૫,૦૦૦/-** |
| **લાભાર્થીએ કરવાનો થતો ખર્ચ** | |
| ખોરાક-પાણીના સાધનો | રૂ. ૪,૫૦૦/- |
| રહેઠાણ અને ફેન્સીંગ | રૂ. ૯,૦૦૦/- |
| ઘાસચારો અને ખાણદાણ | રૂ. ૨૭,૦૦૦/- |
| દવાનો ખર્ચ | રૂ. ૨,૨૫૦/- |
| અન્ય પરચૂરણ ખર્ચ | રૂ. ૨,૨૫૦/- |
| **કુલ** | **રૂ. ૪૫,૦૦૦/-** |

આમ, કુલ **રૂ.૯૦ હજાર**નો ખર્ચ થાય છે. તેમાંથી ખર્ચના **૫૦ ટકા** એટલે કે **રૂપિયા ૪૫ હજારની** સહાય આપવામાં આવે છે.

**અગ્રતા –૧**

**પ્રશ્ન :૨** અનુસૂચિત જનજાતીની મહિલા લાભાર્થીઓ માટે બકરાં એકમ સ્થાપવા શરતો શું છે ?

**જવાબ:** **માન. અધ્યક્ષશ્રી**

સરકાર દ્વારા રાજયના આવા ગરીબ પશુપાલકોની આવકમાં વધારો થાય તેમજ આર્થિક રીતે સધ્ધર થઈ પોતાનું ગુજરાત ચાલવી શકે તે માટે રાજ્યના આર્થિક રીતે નબળા વર્ગના લોકો, અનુ.જાતી વર્ગના લોકો તથા આદિજાતી મહિલાઓ લાભાર્થીઓ માટે બકરા એકમ સ્થાપના(૧૦+૧) સહાયની યોજના અમલીકૃત કરેલ છે. આ યોજના હેઠળ ૧૦+૧ના બકરા એકમની સ્થાપના માટે ખર્ચના ૫૦% મુજબ મહત્તમ રૂ.૪૫,૦૦૦/–ની સહાય પુરી પાડવામાં આવે છે.

**માન. સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો..**

- આ યોજનાનો લાભ અનુસૂચિત જનજાતીના એક કુટુંબના એક જ મહિલા સભ્ય અરજી કરી શકે છે.
- આ યોજનાનો લાભ લેવા લાભાર્થીએ આઇ–ખેડુત પોર્ટલ પર ઓન લાઇન અરજી કરવાની થાય છે .
- ઓનલાઇન કરેલી અરજીની પ્રિન્ટ આઉટ સહિ કરી અરજી કર્યાથી સાત દિવસમાં અરજીની પ્રિન્ટ આઉટમાં જણાવેલ કચેરીમાં રજૂ કરવાની રહેશે.
- અરજીની પૂર્વમંજુરી મળ્યા બાદ ૯૦ દિવસની સમયમર્યાદામાં બકરાં એકમની સ્થાપના કરવાની રહેશે.
- લાભાર્થીએ સહાય યોજનાનો લાભ મેળવવા માટે ૧૦ બકરી અને ૧ નર બકરાંની ખરીદી કરવાની રહેશે.
- આ યોજના હેઠળ લાભાર્થીએ ખોરાક, પાણી, ઘાસચારો , રહેઠાણ અને ખાણદાણનો ખર્ચ ૫૦% ફાળા તરીકે ભોગવવાનો રહે છે.
- લાભાર્થીએ આ એકમ સામાન્ય સંજોગોમાં ત્રણ વર્ષ સુધી નિભાવવાનું રહેશે.

**અગ્રતા –૧**

પ્રશ્ન :૩ આ યોજનાની પારદર્શિતા જળવાય તે માટે શું વ્યવસ્થા કરવામાં આવેલ છે ?

જવાબ: **માન. અધ્યક્ષશ્રી,**

**પ્રસ્તાવના**

આવા બકરાં પાલકોની ચિંતા આ રાજય સરકારતો સતત કરતી આવી છે પણ આપણા દેશના યશશ્વી વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પણ સમાજના આવા છેવાડાના અને વંચિત ગરીબ બકરાંપાલકોની સતત ચિંતા કરતા રહ્યા છે. તેથી જ આ ચિંતાને સાર્થક કરવા હાલના વડાપ્રધાન અને તત્કાલીન આ રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે ડીઝીટલ પ્લેટફોર્મ તૈયાર કરી લાભાર્થીના ખાતામાં ડી.બી.ટી થી સહાય ચૂકવવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી**

**માન. સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો..**

- રાજ્ય સરકાર દ્વારા અરજી કરવા **" આઇ–ખેડુત"** ડીઝીટલ પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવેલ છે.
- પશુપાલકોને સહાયકારી યોજનાની ઓનલાઇન અરજી કરવા માટે ગ્રામ પંચાયત કચેરી અથવા નજીકના કોઇ પણ પશુ દવાખાના ખાતે સુવિધા પુરી પાડવામાં આવે છે.
- ઓનલાઇન અરજીના સાધનિક કાગળોની ચકાસણી થયા બાદ પશુપાલકના મોબાઈલ નંબર પર પુર્વ મંજુરીનો સંદેશો(મેસેજ) પાઠવી તેમની અરજી મંજુર થઇ ગયેલ છે તેવી જાણકારી પશુપાલકને મળે તેવી સુવિધા પણ છે.
- લક્ષ્યાંક કરતા વધુ અરજીઓ મળે તો પાત્રતા ધરાવતી અરજીઓનો ઓનલાઈન ડ્રો કરી પૂર્વ મંજુર કરવામાં આવે છે.
- પુર્વમંજુરી મળેલ પશુપાલક દ્વારા બકરા યુનીટની સ્થાપના કર્યાની ચકાસણી કર્યા બાદ સહાયની રકમ ડી.બી.ટી થી સીધે સીધી લાભાર્થીના બેંક ખાતામાં ચુકવણી કરવામાં આવે છે. કોઇ પણ સંજોગોમાં લાભાર્થીને સીધી રોકડ સહાય ચુકવામાં આવતી નથી.

**અગ્રતા –૧**

**પ્રશ્ન:૪** બકરાં એકમના લાભાર્થીઓના બકરાંના આરોગ્ય માટે સરકારે શું વ્યવસ્થા કરેલ છે?

**અને મારો બીજો પ્રશ્ન છે કે**

બકરાં એકમની સ્થાપના થકી લાભાર્થીને કઈ કઈ આવક થાય છે ?

જવાબ: **માન. અધ્યક્ષશ્રી**

**માન.સભ્યશ્રીના પહેલા પ્રશ્નના જવાબમાં જણાવું તો..**

લાભાર્થીઓના બકરાંને કોઈ પણ જાતની બીમારીની સારવાર માટે નજીકની સરકારી પશુસારવાર સંસ્થા પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર અને પશુ દવાખાના દ્વારા સેવાઓ પુરી પાડવામાં આવે છે. બકરાંમાં થતા પી.પી.આર., ખરવા મોવાસા, ગળસુંઢો જેવા ચેપી રોગો સામે રક્ષણ માટે સમયાંતરે વિના મુલ્યે રસીકરણની સેવાઓ પુરી પાડવામાં આવે છે. તથા બકરાંનાં આરોગ્ય થકી ઉત્પાદન જળવાઇ રહે તે માટે કૃમિનાશક દવાના ડોઝ પીવડાવવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી** સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં લાભાર્થીને થતી આવક અંગે જણાવુ તો....

- બકરીના દુધનું વેચાણ
- બકરાં એકમની સ્થાપનાથી બકરીના વિયાણથી જન્મેલ નર અને માદા બકરાંના વેચાણ
- બકરાંની લીડીઓમાંથી બનતું ઉત્તમ પ્રકારનું સેન્દ્રીય ખાતરનુ વેચાણ